# એસ.ટી. સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો ગૂંચવાયો

## અગાઉ જગ્યા માટે નિરિક્ષણ કરવામાં આવ્યું હતું પરંતુ કોઇ નિર્ણય લેવામાં આવ્યો ન હતો

ગાંધીનગર, તા. ૧૩

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં હજુ પોલીસચોકીનું ઠેકાણું પડયું નથી.ગુનાખોરીના વધતા પ્રમાણને ધ્યાને લઇ ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેના લીધે ડેપો તંત્ર દ્વારા પણ ડેપોની ડિવિઝનલ કચેરીને પણ આ મામલે ચોકી માટે જગ્યા ફાળવવા દરખાસ્ત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા બે વર્ષથી કવાયત હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તબકકે ડેપોમાં તમામ નવી બસો ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત ડેપો સંકુલમાં સલામતીના પરિબળને ધ્યાને લઈ સી. સી. ટી. વી. કેમેરા પણ લગાવી દેવાયા હતા. ડેપોના વીજ બીલમાં બચત માટે ઘાબા ઉપર સોલાર પેનલ સિસ્ટમ પણ લગાવી દેવાઈ છે. ડેપોને મોડેલ સ્વરૂપ આપવા તબક્કાવાર પગલા લેવાય છે. આમ છતાં લાંબા સમયના અંતે પણ પાયાની સુવિધાઓના મામલે કાંઈ વિશેષ થઈ શકયું નથી. ડેપોમાં હાલની સ્થિતિએ પણ સલામતીનો મુદ્દો રામભરોસે છે. વર્ષોના અંતે પણ ડેપોમાં પોલીસ ચોકી શરુ થઈ શકી નથી. જેના લીધે ડેપો સંકુલમાં મુસાફરો વારંવાર ખિસ્સા કાતરૂઓનો ભોગ બને છે. જાણભેદુ ગઠીયાઓ બસમાં ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે અગાઉ પણ ડેપો સ્ટાફ દ્વારા આવા ગઠીયાઓને ઝડપી લેવાયા હતા. ડેપોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. ત્યારે ડેપોમાં પાલીસચોકી શરૂ કરવાના મામલે કોઈ નિર્ણય લેવાતો નથી.ચોકી શરૂ કરવા અગાઉ તંત્ર દ્વારા સ્થળ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતું. પરંતુ આયોજનના અભાવે જગ્યા ફાળવી શકાઈ નથી. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં રાજબરોજ આવતા હજારો મુસાફરોની સલામતી સામે પ્રશ્ન મંડરાયો છે.જો કે ડેપો તંત્ર દ્વારા આ સ્થિતિને ધ્યાને લઇ પાોલીસચોકી બનાવવા માટે ફરી દરખાસ્ત કરવામાં આવી છે. ડેપોમાં પાલીસચોકી ત્વરિત શરૂ કરવામાં આવે તેવી પ્રબળ લાગણી ઉઠવા પામી છે.

# રાયપુરની સીમમાં ધમધમતા જુગારધામ પર પોલીસનો દરોડો

## રૂ. ૧.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત : ૭ જુગારીયાઓની ધરપકડ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના રાયપુર ગામે સરકારી બોરકુવા પાસે ખુલ્લામાં ધમધમતા જુગારધામ પર ડભોડા પોલીસે બાતમીના આધારે દરોડો પાડયો હતો. પોલીસે મોડી સાંજે દરોડામાં અમદાવાદના ૭ જુગારીયાઓને ઝડપી કુલ રૂ. ૧.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગાંધીનગર સહિત જિલ્લા ભરમાં જુગારની બદી વધી રહી છે ત્યારે ગાંધીનગર તાલુકાના રાયપુર પાસેના પેટ્રોલ પંપ પાછળ આવેલા મરઘા ફાર્મ પાસે ખુલ્લા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમી રવિવારે સાંજે ડભોડા પોલીસને મળી હતી. પોલીસ બાતમીના આધારે સીનીયર પી.એસ. પી.જે સોલંકીની આગેવાનીમાં ટીમે બાતમી સ્થળે દરોડો પાડયો હતો. પોલીસની ટીમ જોઈ જુગારીયાઓમાં ભારે દોડધામ મચી જવા પામી હતી પરંતુ પોલીસે આયોજન બદ્ધ રીતે અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં રહેતા અને જુગારની બાજી માંડીને બેઠેલા ૭ જુગારીયાઓને રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસે જુગાર સ્થળેથી રૂ. ૪૩,૮૦૦ની રોકડ રકમ, રૂ. ૨૫૦૦ની કિંમતના પાંચ મોબાઈલ તથા રૂ. ૧.૧૦ લાખની કિંમતના વાહનોસહિત કુલ મળી રૂ. ૧,૫૬,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યોહતો. પોલીસે જુગારીયાઓવિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**જુગાર રમતા પકડાયેલા જુગારીયાઓની યાદી**

- વિપુલ કેશુભાઈ પટેલ (રહે. જલદીપપાર્ક ખોડિયારનગર, અમદાવાદ)
- દિપક શિવકુમાર નંદાલ (રહે. કસ્તુરબાનગર, સરસપુર-અમદાવાદ)
- શિરોમણી રાજમણી ત્રિપાઠી (રહે. આનંદ ફલેટ બાપુનગર-અમદાવાદ)
- દેવેન્દ્ર નારાયણ મૂળે (રહે. ગોમતીપુર પોલિસ સ્ટેશન સામે અમદાવાદ)
- સ્નેહલ મનુત્રાઈ ત્રિવેદી (રહે. પઠાણની ચાલી, સરસપુર અમદાવાદ)
- રાકેશ બાબુભાઈ પટણી (રહે. ઈન્દીરાનગર, બાપુનગર-અમદાવાદ)
- પરેશ આદમભાઈ ભંગી (રહે. બાપુનગર છાપરા અમદાવાદ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૨૧**

**સૂર્યાસ્ત : ૭.૦૧**

## તાપમાન

**મહત્તમ : ૩૩.૮ ડિ.સે.**

**લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૮ ટકા ● સાંજે ૩૭ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫

ધરમ સંકટ મેં : ૬.૪૫

**સ્ક્રીન-૩ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦

બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

લીલા : ૧૦.૦૦

ધરમ સંકટ મેં : ૩.૪૫

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

લીલા : ૬.૩૦

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫

ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**વૃષભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

**કર્ક** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**સિંહ** : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

**કન્યા** : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

**તુલા** : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

**વૃશ્ચિક** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**મીન** : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. સુથાર અનિલભાઈ મણીલાલ (ઉ.વ.૫૭) બ્લોક નં. ૩/જી, એફ-૭, હરીનગર સોસા., વાવોલ, ગાંધીનગર
- સ્વ. મોહિની રામચંદ્ર ગાજરીયા (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૪૯૯/૧, સેકટર-૧૨બી, ગાંધીનગર
- સ્વ. નટવરજી મોતીજી ગોહિલ (ઉ.વ.૫૯) મુ. ઈન્દ્રોડા, તા.જી.ગાંધીનગર
- સ્વ. જયંતિભાઈ પ્રેમજીભાઈ ભાનુસાલી (ઉ.વ.૬૧) પ્લોટ નં. ૨૬૮/૧, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. સમુબેન રણજિતસિંહ (ઉ.વ.૪૫) આનંદપુરા, મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર

# બેંગકોકમાં બ્રોન્ઝ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૩

શહેરની દિકરીઓ રાષ્ટ્રીય ફલક પર છવાઈ જવા લાગી છે. નગરની દિકરીઓ હવે દરેક ક્ષેત્રમાં કાઠું કાઢી રહી છે. ગાંધીનગર સે-૨૩ સ્થિત



એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ જીત કોન્ડો સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ધોરણ ૬-બમાં અભ્યાસ કરતી માનસી લાભુભાઈ દેસાઈએ બેંગકોક ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો હતો. માનસીએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળાનું નામ બેંગકોક ખાતે રોશન કરતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે. અને જીવનમાં હજુ પણ શિખરો સર કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# મત્સ્યોદ્યોગ મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૩

મત્સ્યોદ્યોગ ખાતાના એકઝીકયુટીવ ટેકનીકલ મંડળના ચુંટાયેલા સભ્યોની ગત તા. ૧૦-૪-૨૦૧૫ના રોજ સ્ટેટ લેવલની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષો માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા-પ્રમુખ ગાંધીનગર, કલ્પેશ યુ. પટેલ-મહામંત્રી ગાંધીનગર, આર. આર. મહેતા-સંગઠનમંત્રી ગાંધીનગર, ડી.એમ. કાપડીયા-ખજાનચી ગાંધીનગર, ટી.ડી. પુરોહિત-ઉપપ્રમુખ, અમદાવાદ વિભાગ, એચ.વી. મહેતા-ઉપપ્રમુખ વડોદરા વિભાગ, ડી.વી. પટેલ-ઉપપ્રમુખ સુરત વિભાગ, એમ.પી. ધંધુકીયા-ઉપપ્રમુખ રાજકોટ વિભાગ, કે.ડી. મહેતા-ઉપપ્રમુખ વેરાવળ વિભાગ, ડી.એન. પટેલ-સહમંત્રી પાલનપુર, ડી.આર. પટેલ-સહમંત્રી કડાણા, વી.બી. પંડયા-સહમંત્રી વેરાવળ, શ્રીમતી એન.એમ. શુકલ-કારોબારી સભ્ય ગાંધીનગર અને આર.કે. ચૌધરી-કારોબારી સભ્ય રાજપીપળાની વરણી કરવામાં આવી છે.

# સે-૮ સેંટ ઝેવિયર્સમાં પાંચ દિવસીય સમર કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

સે-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલના આંગણે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૦થી ૨૫ એપ્રિલ દરમિયાન યોજાનાર સમર કેમ્પમાં બાળકોના વિકાસને લગતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. ગાંધીનગર સેકટર-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળામાં દર વર્ષે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે ત્યારે સમર કેમ્પ આગામી ૨૦ એપ્રિલથી શાળાના પટાંગણમાં યોજાઈ રહ્યો છે. બાળકોને કેમ્પમાં નિષ્ણાતો તાલીમ આપશે. ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ, સ્કેટીંગ, ચેસ અને ડાન્સની તાલીમ આપવામાં આવશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છુક બાળકોને સેંટ ઝેવિયર્સ શાળા ખાતે સંપર્ક કરવો.

## નરોડા પંચેશ્વર મહાદેવ મંદિરે શિવકથા

યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવમહાપુરાણ કથાનું આયોજન કરાયુ છે. શિવકથા અમદાવાદ નરોડા સ્થિત શ્રી પંચેશ્વર મહાદેવ મંદિર પંચતીર્થ સોસાયટી, કઠવાડા રોડ ખાતે યોજાશે. તા. ૧૩ થી ૧૯ એપ્રિલ દરમિયાન બપોરે ૩ થી ૬ કલાકે યોજાનાર કથામાં નગરના સૌ શિવભક્તોને કથાનું શ્રવણ કરવા આમંત્રણ પાઠવ્યુ છે.

## છેડાલ સમાજ ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પશે

ગાંધીનગર, તા.૧૩

છેડાલ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે આજે મંગળવારે સવારે ૯-૦૦ વાગે વિધાનસભા સામે આવલ ડૉ. આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આ પ્રસંગે ટ્રસ્ટના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ધીરુભાઈ જાદવ અને મહામંત્રી કે.પી. પરમારે જણાવ્યું છે.

## ડૉ. બાબાસાહેબની જયંતિએ 'જાતિ નિર્મૂલન ગ્રંથ' પર વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના 'જાતિ નિર્મૂલન' ગ્રંથ વિશે જાણીતા લેખક, પત્રકાર, કર્મશીલ ચંદુ મહેરિયાનું વક્તવ્ય તા. ૧૪-૪-૨૦૧૫ના રોજ ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬.૦૦ થી ૭.૩૦ કલાકે યોજાશે. નગરના સાહિત્યકારોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે.

## શહેર કોંગ્રેસ ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૧૩

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ પુષ્પાંજલિ અર્પણ કરશે. આખા દેશમાં ડૉ. આંબેડકરની જન્મ જયંતિ ધામધૂમપૂર્વક મનાવવામાં આવશે. આજરોજ મંગળવાર સવારે ૯.૩૦ વાગે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ ચ-૪ સ્થિત ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. જિલ્લા, શહેર કોંગ્રેસના હોદ્દેદારો કાર્યકરોને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

## સેક્ટર-૫-બી ખાતે આનંદનો ગરબો ગવાશે

ગાંધીનગર, તા. ૧૩

ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો ગવાશે. આજે મંગળવાર બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન રાકેશભાઈ રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૫૦/૨, સેક્ટર-૫-બી, મહાકાળી માતાજીના મંદિરની બાજુમાં યોજાશે. ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

# જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનની ચેમ્બર પ્રથમ માળે ખસેડાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન શ્રીમતિ ઉષાબેન પટેલને પણ હવે પંચાયત સંકુલના પ્રથમ મજલે જ કાર્યાલય માટે જગ્યા ફાળવવામાં આવી છે.

શ્રીમતી ઉષાબેન પટેલે આજે તેમની નવી કચેરીમાં કાર્યભાર સંભાળી લીધો છે. જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી પડેલી ચેમ્બર તેમને ફાળવવામાં આવી છે.

શ્રીમતી પટેલે તેમને થયેલા અકસ્માતને કારણે પગમાં તકલીફ હોવાથી કરેલી રજુઆત પછી તેમને પણ પ્રથમ મજલે જ ચેમ્બર ફાળવવામાં આવી છે. આ ચેમ્બર પહેલાં પહેલા માળે હતી પરંતુ બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સદેસિંહને પગની તકલીફ હોવાથી તેમને કારોબારી સમિતિ વાળી ચેમ્બર ફળવાઈ હતી. અને કારોબારી સમિતિના ચેરમેનની ઓફિસ ત્રીજા માળે ખસેડાઈ હતી.

જિલ્લા પંચાયતના નવ નિયુકત ચેરમેન શ્રીમતી ઉષાબેન પટેલે ચેરમેન તરીકે ત્રીજે માળે જ ચાર્જ લીધો હતો પરંતુ પછી તેમની તકલીફ જોતાં તેમને પ્રથમ મજલે ચેમ્બર ખસેડી આપવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પં)ની જગ્યા ઘણા વખતથી ખાલી છે અને તેમની ચેમ્બર હવે શ્રીમતી પટેલને ફળવાતાં હવે ના.જિ.વિ.અની ચેમ્બર ત્રીજા માળે ખસેડાઈ છે.



**પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ**

દર વર્ષે પક્ષીઓની અનેક પ્રજાતિઓ પાણી વિના ટળવળીને મોત સામે ઝઝૂમી મૃત્યુ પામે છે. પાણીના એક ટીપા માટે પક્ષીઓ સરહદો પાર કરતા હોય છે. ત્યારે પક્ષીઓ પાણી વિના ભટકે નહિ અને મૃતઃપાય ન થાય તે હેતુથી હ્યુમન ફાઉન્ડએશનના કેતન પટેલ દ્વારા દર વર્ષે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. ગત રવિવારે શહેરમાં મફત પાણીના કુંડા વિતરણ કરવામાં આવ્યા હતા અને આ સેવાકીય કાર્યમાં પાણીના કુંડા લેવા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે પક્ષી બચાવો ત્યારે એક ઘર એક પાણીના કુંડાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટ આધુનિક ટેકનોલોજી દ્વારા કોમ્પ્યુટરાઈઝ્ડ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યની તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટોને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે તેમજ તમામ આર.ટી.ઓ. કચેરીઓને ઈન્ટરકનેક્ટ કરવામાં આવશે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા લેવામાં આવેલા કેટલાક મહત્વના નિર્ણયો અંગેની વિગતો આપતા વાહન વ્યવહારમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાયું હતું કે હાલમાં રાજ્યમાં આવેલી આર.ટી.ઓ. ચેકપોસ્ટો પર વાહન ચેકીંગ ઓવરલોડની ચકાસણી તેમજ વેરાની વસુલાતમાં થતાં વિલંબને ટાળવા અને ઓછા માનવબળે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ઝડપી સેવા પુરી પાડવા ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યની તમામ આર.ટી.ઓ.ની ચેકપોસ્ટોનું રૂ. ૪૦ કરોડના ખર્ચે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે. જેમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે જેથી ઓટોમેટીક વાહનોમાં ઓવર લોડીંગની ચકાસણી થઈ જશે. કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા પેનલ્ટીની પહોંચ પણ નીકળશે અને તુરત જ દંડની વસુલાત થઈ શકશે.

કોમ્પ્યુટરાઈઝેશન કરવાથી તમામ ચેકપોસ્ટો સ્વયં સંચાલીત બનશે. કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી વિપ્રો કંપનીને આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યની તમામ આર.ટી.ઓ. કચેરીઓ એક જ સર્વરથી કનેક્ટ કરી ઈન્ટરકનેક્ટ કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આર.ટી.ઓ.ની આવકમાં ૪૦ ટકાનો વધારો થયો છે. ૨૪૦૦ કરોડની આવકના અંદાજ સામે ૨૮૦૦ કરોડની આવક થવા પામી છે.

રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં પણ બસ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે નવી ૧૦૧૫ બસો ખરીદ કરવામાં આવી હતી અને આ બસોનું બોડી બીલ્ડીંગ કામ ચાલુ છે. જે ટુંકમાં પૂર્ણ થતાં નવી બસો ફાળવવામાં આવશે. ૨૦૧૪-૧૫માં નવી ૧૧૦૬ બસો ખરીદવા ટેન્ડરો બહાર પાડી દેવામાં આવ્યા છે.

પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા ૧૫ નવા બસ સ્ટેશનો બનાવવામાં આવશે. આ બસસ્ટેશનોમાં ગેસ્ટહાઉસ સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

# અનાજ, શાકભાજીનું ઉત્પાદન ૩ વર્ષના તળીયે જતાં મોંઘવારી વધુ વકરવાનો ભય

ગાંધીનગર, તા. ૧૩

અનિયમિત વરસાદ, છેલ્લા બે મહિનાથી વાંરવાર માવઠા સહિતના ઘટનાક્રમથી પાકનું ઉત્પાદન ત્રણ વર્ષના તળીયે આવી ગયું છે અને તેની અસરે આવતા દિવસોમાં જોવા મળશે. ફુગાવો-મોંઘવારી વધવાનું જોખમ સર્જાયાનો ચોંકાવનારો રીપોર્ટ છે.

એજન્સીના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે અનાજ, ફ્રુટ તથા શાકભાજીનું ઉત્પાદન છેલ્લા ત્રણ વર્ષનું સૌથી નીચુ છે એટલું જ નહી છેલ્લા બે મહિનામાં વારંવાર હવામાન પલ્ટા-માવઠા અને આવતા ચોમાસાને પણ અલનીનોનો પડકાર સહન કરવો પડે તેમ હોવાથી મોંઘવારી વકરવાનું જોખમ વધી ગયુ છે.

રવિ સીઝનમાં અનાજનાં ઉત્પાદનમાં ૨.૬ ટકાનો ઘટાડો છે. જ્યારે શાકભાજીનું ઉત્પાદન માત્ર ૦.૩૩ ટકા વધુ છે. ગત વર્ષના અનિયમિત અને ઓછા વરસાદ તથા તાજેતરના માવઠા-હવામાન પલ્ટાના ઘટનાક્રમથી આ હાલત થઈ છે.

રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે ઘઉં તથા ચોખામાં ૩.૪૩ કરોડ ટનનો જંગી બફરસ્ટોક હોવાને કારણે હાલ તૂર્ત તેના ભાવ પર દબાણ નથી. સરકાર અનિયમિત અને યોજનાબદ્ધ રીતે સ્ટોક છુટ્ટો કરતી રહે તો પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી શકશે અન્યથા હાલત અંકુશ બહારના થવાનો ખતરો ઉભો થશે. કેન્દ્ર સરકારે છેલ્લા છ માસમાં એક લાખ ટન ઘઉં મુક્ત કર્યા છે. યોજનાબદ્ધ રીતે માલ છુટો કરવાની સાથોસાથ વિદેશોમાંથી કઠોળની આયાત વધારવામાં આવે તો ખાસ કરીને કૃષિ કોમોડીટીમાં ભાવોને નિયંત્રણમાં રાખી શખશે. રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે કઠોળ, શાકભાજી તથા ફ્રુટમાં પરિસ્થિતિ કાબુમાં રાખવાનું મુશ્કેલ છે. કઠોળનાં ઉત્પાદનને મોટો ફટકો છે. ભારતીયોનો કઠોળ વપરાશ મોટો છે એટલે ભાવમોરચે દબાણ સર્જાય શકે તેમ છે. શાકભાજી તથા ફ્રુટની સપ્લાયમાં પણ અનેકવિધ અંતરાયો છે. પર્યાપ્ત સ્ટોરેજ સવલતો ન હોવાથી બગાડની માત્રા ઘણી ઊંચી છે. ગ્રાહક ભાવાંકમાં શાકભાજીની ટકાવારી ૭.૩ ટકા જેવી ઊંચી હોવાથી ફુગાવામાં વધારાનું જોખમ વધી જાય છે.

કમોસમી વરસાદ-માવઠાની અસર હેઠળ આવતા ત્રણ મહિનામાં શાકભાજીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો થવાની શક્યતા છે. ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ફુગાવો ૫.૨ ટકા રહેવાના અંદાજ સામે ૬ ટકાએ પહોંચવાની ભીતિ છે.

કમોસમી વરસાદથી ગામડાની માંગ અને વિકાસને ફટકો નિશ્ચિત છે. આવતા ચોમાસામાં અલનિનોની અસર આવે તો બેવડો માર પડવાનું જોખમ છે.